| GJVD030002242003 | | ફરીયાદ દાખલ તારીખ | ૧૪-૦૮-૨૦૦૩ | | |
|---|---|---|---|---|---|
| | | રજીસ્ટરે લીધા તારીખ | ૧૪-૦૮-૨૦૦૩ | | |
| | | ફેંસલ તારીખ | ૦૨-૦૪-૨૦૨૬ | | |
| | सत्यमेव जयते | સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | ૨૨ | ૦૭ | ૧૮ |

**કરજણના નામ. એડી. ચીફ જયુડી. મેજી. (ડી.એ.જાદવ) સાહેબશ્રીની કોર્ટ,કરજણ , જિ.વડોદરા.**

**ફોજદારી કેસ નં. ૪૫૮૪/૨૦૦૩**
**આંક:-**

**શ્રી સ ર કા ર** **:: ફરિયાદી**

**વિ રૂ ધ્ધ**

**જયશંકર સી.ગોપાલ ગૌડ**
**રહે.** કુપાનડી નગર, પોસ્ટ. ફકીર તકકા,
તા. તીરૂપટુર, જિ.વેલુર, તમીલનાડુ. **:: તહોમતદાર**

બાબત : **ભારતીય દંડ સંહિતાની કલમ-૨૭૯, ૩૦૪(અ), ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એકટની કલમ-૧૭૭,૧૮૪ મુજબ...**

**સરકાર તરફે : વિ. એ.પી.પી.શ્રી જે.એસ.સોની**
**તહોમતદાર તરફે : સી.આર.પી.સી. કલમ-૨૯૯ મુજબ.**

## :: જજમેન્ટ ::

૦૧. આ કામે ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામનાં ફરિયાદી તથા સાહેદ નં.૨,૩ નાઓ અંકલેશ્વર હાઈવેથી ટ્રક ભાગેલ હોઇ, તેની વોચમાં રહેવાની વર્ધી આધારે નાઈટ રાઉન્ડ દરમ્યાન વોચમાં હતાં, તે વખતે તા.૧૧.૦૩.૨૦૦૩ ના કલાક ૦૧:૩૦ ના સુમારે કરજણ ગામની સીમમાં નેશનલ હાઈવે નં.૦૮ ઉપર ભરૂચ-વડોદરા ટ્રેક ઉપર લકઝરી બસ નં. જીજે.૨૦.ટી. ૯૫૫૯ ને સાઈડમાં કરી પુછપરછ કરતાં હતાં. તે સમયે આ કામનાં આરોપીએ પોતાની ટ્રક નં.ટીએન.૮૩૩૬ની બેફિકરાઈ અને પૂરઝડપે હંકારી ઉપરોકત લકઝરી બસને પાછળથી અથાડતાં લકઝરી બસ પોલીસ જીપ નં.જીજે.૦૬.જી.૭૫૮ ને ટકકરમારી લકઝરી બસ તથા ટ્રક રોડની સાઈડમાં ગટરમાં જતી રહેલ. આ અકસ્માતમાં (૧) પરવેશકુમાર દેવચંદ બડગુણા તથા (૨) મહેમુદ ભૂરુભાઈ ઉર્ફે સહાદતખાં

મકરાણી, બંને રહે. થાંદલા, જિ.જામ્બુવા(એમ.પી.) ને ગંભીર ઈજાઓ થતાં સ્થળ ઉપર મરણ ગયેલ. અને સાહેદ નં.૧૦ થી ૧૪ ને નાની મોટી ઈજા પહોંચાડી, ત્રણેક વાહનોને નુકશાન પહોંચાડી, ગુનો કરેલ હોવાનો આક્ષેપ છે.

૦૨. આ બનાવ સબબ ફરિયાદીએ કરજણ પો.સ્ટે. માં ફરિયાદ આપતા તહોમતદાર વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ-૨૭૯, ૩૦૪ (અ), ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એકટ કલમ-૧૭૭, ૧૮૪ મુજબનો ગુન્હો દાખલ કરી, તપાસ અધિકારીશ્રીએ જરૂરી તપાસ કરી, તહોમતદાર વિરુદ્ધ પૂરતો પુરાવો જણાતા અદાલતમાં ચાર્જશીટ દાખલ કરેલ છે.

૦૩. સદરહુ ચાર્જશીટ દાખલ થતા ક્રીમીનલ રજીસ્ટરમાં તેની નોંધ કરી, ફોજદારી કેસ નં.૪૫૪૮/૨૦૦૩ થી દાખલ કરી, તહોમતદારને સમન્સ ઈસ્યુ કરવામાં આવેલ. જેની ધોરણસરની બજવણી થતાં આરોપી કોર્ટમાં હાજર પોતાનાં વિ.વ.શ્રી મારફતે હાજર થતાં તેઓને સી.આર.પી.સી. કલમ-૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો વિનામૂલ્યે પુરી પાડવામાં આવેલી. ત્યારબાદ સદરહું ગુના સંબંધે મારાં વિ.પુરોગામીશ્રી દ્વારા તહોમતદાર વિરૂદ્ધના સદર ગુના સબબ આંક-૦૧ ના ચાર્જશીટના કોલમ નં.૫ મુજબના આક્ષેપો વાંચી સંભળાવી સમજાવી, આરોપીની આંક-૦૨ પ્લી રેકર્ડ કરતાં તહોમતદારે પોતાની સામેના ગુન્હાનો ઈન્કાર કરી અને કેસ આગળ ચલાવવા માંગણી કરતા, તહોમતદાર વિરૂદ્ધ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવી ફરિયાદ પક્ષનો પુરાવો રેકર્ડ કરવાનો હુકમ કરવામાં આવેલ છે. ત્યારબાદ ઘણા ખરા સાહેદોનો પુરાવો નોંધાઈ ગયા બાદ આરોપી સદર કેસની ઈન્સાફી કાર્યવાહી માટે હાજર રહેલા નહી. જેથી આરોપીને વારંવાર પ્રોસેસ ઈસ્યુ કરતાં અને તેની ધોરણસરની બજવણી કરતાં પણ આરોપી એક યા બીજા કારણોસર મળી આવેલા નહી. અને આરોપી તમીલનાડુ રાજયના રહેવાસી હોય, આરોપી ભવિષ્યમાં પણ મળી આવે તેવી શકયતાં નહીવત હોય, સદર કેસ ડોરમેન્ટ ફાઈલમાં મુકવાનો અને આરોપી વિરૂદ્ધ વોરંટ ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવેલ. તે બાદ આરોપી વિરૂદ્ધ વારંવાર વોરંટ કરતાં અને તેની ધોરણસરની બજવણી કરતાં પણ આરોપી એક યા બીજા કારણોસર મળી આવેલ ન હોય, આરોપીને પ્રોસેસની બજવણી થઈ શકેલ નથી. જેથી સદરહું કેસ સને ૨૦૦૩ ના વર્ષનો હોય, જેથી તા.૦૧.૦૬.૨૦૨૩ ના રોજ આંક-૧ લગત હુકમ કરી મારા વિ.પુરોગામી દ્વારા સદર કેસ રેગ્યુલર બોર્ડ ઉપર લઈ અને તહોમતદાર વિરૂદ્ધ સદર કેસની ઈન્સાફી

કાર્યવાહી સી.આર.પી.સી. કલમ–૨૯૯ મુજબ તહોમતદારની ગેરહાજરીમાં આગળ ચલાવી ફરિયાદ પક્ષનો બાકીનો પુરાવો રેકર્ડ કરવાનો હુકમ કરવામાં આવેલ.

૦૪. આ કામે સરકારશ્રી તરફે પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક પુરાવો નોંધવામાં આવેલ છે.

| | |
|---|---|
| (૧) અરવિંદભાઇ જીણાભાઇ માછી–પંચ સાહેદ | આંક–૩૧ |
| (૨) રમણભાઇ ભંગાભાઇ રાઠવા–ફરિયાદી | આંક–૩૩ |
| (૩) બાબુભાઇ દલપતભાઇ–સાહેદ | આંક–૩૭ |
| (૪) મુકેશ કાંતીભાઇ પટેલ– પંચ સાહેદ | આંક–૬૩ |
| (૫) ભરતકુમાર રમેશચંદ્ર પુરોહિત–પંચ સાહેદ | આંક–૭૧ |
| (૬) કાળુભાઇ મનજીભાઇ નિનામા–સાહેદ | આંક–૭૬ |
| (૭) કાળુભાઇ મનજીભાઇ નિનામા–સાહેદ | આંક–૭૮ |

૦૫. આ કામે ફરિયાદ પક્ષ તરફે નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવામાં આવેલા છે.

| | |
|---|---|
| (૧) ઇન્ક્વેસ્ટ પંચનામું | આંક–૩૨ |
| (૨) ફરિયાદ | આંક–૩૪ |
| (૩) ગુનાવાળી જગ્યાનું પંચનામું | આંક–૬૪ |
| (૪) પોલીસની જીપનું પંચનામું | આંક–૬૫ |

૦૬. અત્રે એ હકીકત નોંધનીય છે કે, તહોમતદાર સદર કેસની ઇન્સાફી કાર્યવાહી માટે હાજર રહેલા નથી. તહોમતદારને હાજર રખાવવા માટે અનેક પ્રોસેસ ઇસ્યુ કરવામાં આવેલ છે. તહોમતદાર એક યા બીજા કારણોસર મળી આવતાં ન હોય, તે રીતે તહોમતદાર ઉપર પ્રોસેસની બજવણી થઇ શકેલ નથી. સદર કેસ સને ૨૦૦૩ ના વર્ષનો છે. જેથી સદર કેસ આશરે ૨૨ વર્ષ જુનો કેસ હોય, આગળની ઇન્સાફી કાર્યવાહી સી.આર.પી.સી. કલમ–૨૯૯ અન્વયે તહોમતદારની ગેરહાજરીમાં ચલાવવાનો હુકમ કરવામાં આવેલ હોય, તહોમતદારનું સી.આર.પી.સી. કલમ–૩૧૩ અન્વયેનુ વિશેષ નિવેદન નોંધી શકાયેલ નથી.

૦૭. આ કામે કેસના ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલા છે.

## :: <u>મુદ્દાઓ</u> ::

૧. શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પૂરવાર કરી શકેલ છે કે, આ કામનાં ફરિયાદી તથા સાહેદ નં.૨,૩ નાઓ અંકલેશ્વર હાઇવેથી ટ્રક ભાગેલ હોઇ, તેની વોચમાં રહેવાની વર્ધી આધારે નાઇટ રાઉન્ડ દરમ્યાન વોચમાં હતાં, તે વખતે તા.૧૧.૦૩.૨૦૦૩ ના કલાક ૦૧:૩૦ ના સુમારે કરજણ ગામની સીમમાં નેશનલ હાઇવે નં.૦૮ ઉપર ભરૂચ–વડોદરા ટ્રેક ઉપર લકઝરી બસ નં. જીજે.૨૦.ટી. ૯૫૫૯ ને સાઇડમાં કરી પુછપરછ કરતાં હતાં. તે સમયે આ કામનાં આરોપીએ પોતાની ટ્રક નં.ટીએન.૮૩૩૬ની બેફિકરાઇ અને પૂરઝડપે હંકારી ઉપરોકત લકઝરી બસને પાછળથી અથાડતાં લકઝરી બસ પોલીસ જીપ નં.જીજે.૦૬.જી.૭૫૮ ને ટકકરમારી લકઝરી બસ તથા ટ્રક રોડની સાઇડમાં ગટરમાં જતી રહેલ. આ અકસ્માતમાં (૧) પરવેશકુમાર દેવચંદ બડગુણા તથા (૨) મહેમુદ ભૂરુભાઇ ઉર્ફે સહાદતખાં મકરાણી, બંને રહે. થાંદલા, જિ.જામ્બુવા(એમ.પી.)ને ગંભીર ઇજાઓ થતાં સ્થળ ઉપર મરણ ગયેલ. અને સાહેદ નં.૧૦ થી ૧૪ ને નાની મોટી ઇજા પહોંચાડી, ત્રણેક વાહનોને નુકશાન પહોંચાડી, ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯, ૩૦૪ (અ), ૩૩૭, ૩૩૮ તથા એમ.વી. એકટની કલમ : ૧૭૭, ૧૮૪ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

૨. શું હુકમ ?

૦૮. ઉપરોકત મુદ્દાઓ અંગેના નિર્ણયો નીચે મુજબ છે.

૧. નકારાત્મક,

૨. આખરી હુકમ મુજબ.

## :: <u>કા ર ણો</u> ::

૦૯. ફરિયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીની મૌખિક રજૂઆતો સાંભળી. ફરિયાદ પક્ષ તરફે રજૂ થયેલ પુરાવાઓ વંચાણે લીધા.

<u>**મુદ્દા નં. ૧ :–**</u>

૧૦. હાલના કામે ફરિયાદ પક્ષ દ્વારા તહોમતદાર વિરુદ્ધ જે ઉપરોકત મુજબના ગુન્હા અંગેનો આક્ષેપ કરવામાં આવેલ છે તે સંદર્ભે ફરિયાદ પક્ષે રજૂ થયેલ પુરાવાનું સ્વતંત્ર રીતે તથા એકબીજા સાથે સાંકળીને સમગ્ર રીતે મૂલ્યાંકન કરવાનું રહે છે. અને આરોપી વિરૂદ્ધ આક્ષેપાયેલ તહોમત પુરવાર થાય છે કે કેમ? તે ચકાસવાનુ રહે

છે. તે સંદર્ભે રેકર્ડ ઉપરનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો, આ કામે ફરિયાદ પક્ષે આંક–૩૨ થી રજૂ થયેલ ઇન્કવેસ્ટ પંચનામાના પંચ અરવિંદભાઇ જીવણભાઇનો પુરાવો આંક–૩૧ થી છે. સદર સાહેદે પો.કો. રમણભાઇએ બોલાવી તૈયાર પંચનામામાં સહી કરાવેલાનો અને તેઓની હાજરીમાં અકસ્માતમાં મરણ જનારની લાશનું પંચનામું થયેલ નહી હોવાનું જણાવેલ છે. આમ, તેઓએ તેઓનાં પુરાવામાં સદર પંચનામામાં સહી કર્યા સિવાયની તમામ હકીકતોનો ઇન્કાર કરેલ છે. ત્યારે ફરિયાદ પક્ષે સદર પંચનામું પુરવાર કરેલ હોય, તેવું માની લઇ શકાતું નથી.

૧૦.૧ ફરિયાદ પક્ષે ફરિયાદી રમણભાઇ મંગભાઇનો પુરાવો આંક–૩૩ થી છે. તેઓએ તેઓનાં પુરાવામાં ફરિયાદ પક્ષના કેસને સમર્થન આપેલ છે. સદર સાહેદના પુરાવાથી અકસ્માતનો બનાવ બનેલાની તથા લકઝરી બસમાં બેઠેલા પરવેશભાઇ તથા મહેમુદભાઇને અકસ્માતમાં ઇજા થતાં સ્થળ ઉપર મરણ ગયેલ હોવાની હકીકત સ્પષ્ટ થાય છે. પરંતુ, સદર સાહેદે તેઓનાં પુરાવામાં જણાવેલ છે કે, તેઓ પુછપરછ કરતાં હતાં ત્યારે ત્યાં પરવેશભાઇ તેમજ મહેમુદભાઇ હતાં અને તે દરમ્યાન અકસ્માત થયેલો. ફરિયાદ પક્ષનો કેસ એવો છે કે, ટ્રક લકઝરીના પાછળના ભાગે અથડાયેલી. પરંતુ, સદર સાહેદે અકસ્માત કઇ પરિસ્થિતીમાં થયેલો તેની તેઓને ખબર નહી હોવાનું પણ તેઓનાં પુરાવામાં જણાવેલ છે. આમ, અકસ્માત કઇ પરિસ્થિતીમાં થયો તેની કોઇ ઠોસ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી. વધુમાં, સદર ફરિયાદીનાં પુરાવાથી અકસ્માત થયા બાદ તેઓનું ધ્યાન ગયેલ કે અકસ્માત થયેલ છે, તેવી હકીકત રેકર્ડ ઉપર આવે છે. વધુમાં, ફરિયાદ પક્ષનો કેસ કે હાલના તહોતદારે પૂરઝડપે અને ગફલતભરી રીતે પોતાના કબજાની ટ્રક હંકારેલ છે અને જેના પરિણામ સ્વરૂપે અકસમાત થયેલો છે. પરંતુ, ફરિયાદીએ તેઓનાં પુરાવામાં તેઓએ ટ્રકની સ્પીડ જોયેલ નહી હોવાનું અને અકસ્માત કેવા સંજોગોમાં થયેલો તે તેઓ કહી શકે નહી, તેવું સ્વીકારેલ છે. ત્યારે હાલનાં તહોમતદાર પોતાના હવાલાવાળી ટ્રક પુરઝડપે હંકારતા હોવાની હકીકત અને તહોમતદાર તે અંગે બેદરકાર હતાં તેવી પણ કોઇ હકીકત સદર ફરિયાદીના પુરાવાથી સ્પષ્ટ જણાતી નથી.

૧૦.૨ ફરિયાદ પક્ષે પોલીસ સાહેદ પો.કો. બાબુભાઇ દલપતભાઇનો પુરાવો આંક–૩૭ થી છે. તેઓએ તેઓનાં પુરાવામાં ફરિયાદ પક્ષને સમર્થન કરેલ છે. સદર સાહેદના પુરાવાથી પણ અકસ્માતવાળો બનાવ બનેલ હોવાની હકીકત સ્પષ્ટ થાય છે. પરંતુ,

સદર સાહેદે તેઓનાં પુરાવામાં આરોપી તરફેની ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, તેઓએ અકસ્માત થયો તે પહેલા ટ્રકને જોયેલો નહી. આમ, સદર સાહેદે કહેવાતી ટ્રક આવતાં જોયેલ હોય તેવું બનેલ હોવાનું જણાઇ આવતું નથી. વધુમાં, સદર સાહેદે ટ્રકની સ્પીડ કેવી અને કેટલી હતી તે પણ તેઓને જોયેલ નહી હોવાનું સ્વીકારેલ છે. ત્યારે ફરિયાદ પક્ષનો કેસ કે, ટ્રક પૂરઝડપે હતી. પરંતુ, અકસ્માત અંગે આરોપી બેદરકાર હોવાની કોઇ હકીકત સદર સાહેદના પુરાવાથી સ્પષ્ટ થતી નથી.

૧૦.૩ ફરિયાદ પક્ષે આંક–૬૪ થી રજૂ થયેલ ગુનાવાળી જગ્યાના પંચો તથા આંક–૬૫ થી રજૂ થયેલ પોલીસ વાનના પંચનામાના પંચો મુકેશભાઇ કાંતીલાલ પટેલ તથા ભરતકુમાર રમેશચંદ્ર પુરોહિતને અુક્રમે આંક–૬૩ તથા ૭૧ થી તપાસેલા છે. સદરહું બંને પંચોએ સદર બંને પંચનામામાં તેઓએ સહી કર્યા સિવાયની હકીકતો ઇન્કારેલ છે. સદર સાહેદોના પુરાવાથી તેઓની રૂબરૂમાં સદર બંને પંચનામા થયેલ નહી હોવાનું રેકર્ડ ઉપર આવે છે. આમ, ફરિયાદ પક્ષ સદર બંને પંચનામા પુરવાર કરી શકેલ હોય તેવું માની લઇ શકાતું નથી.

૧૦.૪ ફરિયાદ પક્ષે લકઝરી બસના ડ્રાઇવર કાળુભાઇ મનજીભાઇને આંક–૭૬ તથા ૭૮ થી તપાસેલા છે. તેઓનાં પુરાવાથી અકસ્માનો બનાવ બનેલ હોવાની હકીકત સ્પષ્ટ થાય છે. અને અકસ્માતમાં બે ઇસમો સ્થળ ઉપર મરણ ગયેલ હોવાનું પણ સ્પષ્ટ થાય છે. પરંતુ, ફરિયાદ પક્ષનો કેસ કે અકસ્માતમાં મહેમદભાઇ કે જેઓ સદર સાહેદના મુનીમ હોવાની હકીકત છે અને પરવેશભાઇ કે જેઓ સદર સાહેદના જે તેઓના કલીનર છે, તેઓ મરણ ગયેલ હોવાની હકીકત સદર સાહેદના પુરાવાથી રેકર્ડ ઉપર આવતી નથી. વધુમાં, ટ્રકની સ્પીડ વધુ હોવાની હકીકત સદર સાહેદના પુરાવાથી સ્પષ્ટ થાય છે. પરંતુ, અકસ્માત અંગે આરોપી બેદરકાર હતાં તેવી કોઇ હકીકત સદર સાહેદના પુરાવાથી રેકર્ડ ઉપર આવતી નથી. વળી, સદર સાહેદે આરોપીને ઓળખી બતાવવાનો પણ ઇન્કાર કરેલ છે, ત્યારે હાલનાં આરોપી જ અકસ્માતમાં સંડોવાયેલ ટ્રક હંકારતાં હતાં તેવી પણ કોઇ હકીકત સદર સાહેદના પુરાવાથી રેકર્ડ ઉપર આવેલ નથી. ત્યારે સદર સાહેદના પુરાવામાં આરોપીને ઓળખતાં હોય કે જોયેલા હોય તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. વધુમાં, સદર કામના ત.ક.અમલદાર, તેમજ અન્ય સાહેદોને તપાસવા માટે પુરતો પ્રયત્ન કરવામાં આવેલ છે. તેમ છતાં ફરિયાદપક્ષ તેઓને હાજર રખાવામાં નિષ્ફળ નિવડેલ

હોય તપાસી શકાયેલ નથી. વળી, સદર કામે તપાસેલા ફરિયાદી તથા સાહેદોના પુરાવાથી અકસ્માતનો બનાવ બનેલ હોવાની હકીકત ફલીત થાય છે. પરંતુ, હાલના તહોમતદારનું વાહન ચલાવવાનું કૃત્ય બેફિકરાઇ અને ગફલતભર્યું હતું અને હાલનાં તહોમતદારની બેદરકારીના કારણે અકસ્માત થયેલ હોય તેવી કોઇ હકીકત ફરિયાદી તથા સાહેદોના પુરાવાથી રેકર્ડ ઉપર આવેલ નથી. આમ, ઉપરોકત જે પુરાવો રજૂ કરવામાં આવેલ છે તેના થકી ફરિયાદ મુજબનો બનાવ બનેલ હોવાની હકીકત પૂરવાર થાય છે પરંતુ, ફરિયાદ મુજબનો બનાવ જાહેર રોડ પર બનેલ હોવા છતા કોઇ સ્વતંત્ર સાહેદનો સમર્થનકારક સાહેદનો મૌખિક પુરાવો રજૂ કરવામાં આવેલ નથી. વળી, આરોપીની ઓળખ અંગે પણ વિરોધાભાસ રેકર્ડ ઉપર આવે છે.

૧૦.૫ આમ, રજુ થયેલ પુરાવા થકી ફરિયાદ મુજબનો બનાવ આ કામના તહોમતદારના બેદરકારીભર્યા ડ્રાઇવીંગના કારણે થયેલ હોવાની હકીકત રેકર્ડ પર આવતી નથી. જેથી અકસ્માતનો બનાવ હાલનાં તહોમતદારની બેદરકારી અને ગફલતને કારણે થયેલ તે હકીકત પુરવાર થતી નથી. આમ, ફરિયાદ પક્ષ તરફે રજૂ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો એટલો ગુણવત્તાસભર નથી કે બનાવ સમયે હાલના તહોમતદારે બેદરકારીપૂર્વક અને ગફલતભરી રીતે પોતાનું વાહન ચલાવેલ હોય અને તે કારણસર હાલનો બનાવ બનવા પામેલ હોય તેવી હકીકત પૂરવાર થઇ શકે.

૧૧. આ તબકકે **<u>સતિષ મહેરા વિ. દિલ્હી એડમીનીસ્ટ્રેશન અને બીજાઓ – ૧૯૯૬ (૯) એસ.સી.સી., ૭૬૬</u>** ના ચૂકાદામાં પ્રસ્થાપિત થયેલ સિદ્ધાંત જો વંચાણે લેવામાં આવે તો તેમાં નામ.સુપ્રિમ કોર્ટની ડીવીઝનલ બેન્ચે ઠરાવેલ છે કે, " ....... જયારે જજને ચોકકસપણે એમ લાગે કે કેસના સંજોગોને ધ્યાને લેતા કેસનો અંત સજામાં પરિણમશે નહિ ત્યારે કોર્ટનો અમૂલ્ય સમય માત્ર પ્રોસીઝર પૂર્ણ કરવા માટે વેડફવો નહિ ..... "

તેમ છતાં હાલના કામે ઉપરોકત મુજબનો પુરાવો નોંધવામાં આવેલ છે. વધુમાં, આ કામે ફરિયાદપક્ષે જે ઉપરોકત પુરાવો રજૂ કરવામાં આવેલ છે, તેમાં તહોમતદાર વિરુદ્ધની કોઇ હકીકત રેકર્ડ પર આવેલ નથી. સદર કામે જો તહોમતદાર તરફે હાજર થઇ ઉલટ તપાસ કરવામાં આવે તો પણ તેના આધારે તહોમતદાર ને તકસીરવાન ઠરાવી શકાય તેવી કોઇ હકીકત રેકર્ડ પર આવે તેમ જણાતુ નથી. આમ, તહોમતદાર વિરુદ્ધ જયારે કોઇ પુરાવો કે જેનાથી તહોમતદારની સંડોવણી પુરવાર થાય તેવો પુરાવો રજૂ થતો ન હોય ત્યારે કેસની કાર્યવાહી આગળ ચલાવી

કોર્ટનો સમય વેડફી શકાય નહિ અને સી.આર.પી.સી. કલમ–૨૯૯ તથા કલમ–૩૫૩ (૬) ની જોગવાઇ ધ્યાને લેતા તહોમતદારની ગેરહાજરીમાં ચૂકાદો જાહેર કરવો વાજબી અને ન્યાયોચિત જણાય છે.

૧૨. આમ, હાલના કામે ફરિયાદ પક્ષ હાલના તહોમતદાર વિરુદ્ધ પુરાવા ની કોઇ સાંકળ રજૂ કરી શકેલ નથી કે જેના આધારે તહોમતદાર વિરૂદ્ધનું અનુમાન કરી શકાય અને તેથી ઉપરોકત કરવામાં આવેલ તમામ ચર્ચા અને રેકર્ડ પર પ્રસ્થાપિત થયેલા સંજોગો ધ્યાને લેતા ફરિયાદ પક્ષ તહોમતદાર વિરુદ્ધ ઉપરોકત મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો નિ:શંકપણે પૂરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ હોય, **મુદા નં.૧** નો નિર્ણય તે મુજબ **નકારાત્મક** આપવામાં આવેલ છે.

**મુદ્દા નં. ૨ ::–**

૧૩. આમ, ઉપરોકત સમગ્ર ચર્ચાને ધ્યાને લઇ, મુદા નં.૧ ના નિર્ણયને ધ્યાનમાં લઇ, આ કેસની તમામ હકીકતો તથા સંજોગો ધ્યાને લઇ, મુદા નં.ર અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**:: હુ ક મ ::**

(૧) આથી કરજણ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં.૧૧૧/૨૦૦૩ ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯, ૩૦૪ (અ), ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એકટ કલમ–૧૭૭, ૧૮૪ મુજબના ગુન્હાના કામના તહોમતદારને તેઓ વિરુદ્ધના ઉપરોકત મુજબના ગુન્હામાંથી સી.આર.પી.સી. કલમ–૨૫૫ (૧) તથા કલમ–૩૫૩ (૬) અન્વયે શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) તહોમતદાર દ્વારા હાલના ગુન્હા કામે અગાઉ અત્રેની અદાલતમાં આપવામાં આવેલ જામીન તથા જાત મુચરકા હાલના હુકમની તારીખથી છ માસ સુધી અમલમાં રહેશે.

હુકમ આજ રોજ તારીખ : **૦૨જી,** માહે : **એપ્રિલ,** સને : **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તારીખ: ૦૨/૦૪/૨૦૨૬
સ્થળ : કરજણ.

**(ડી.એ.જાદવ)**
**જીજે.૦૦૯૯૧**
**એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,**
**કરજણ–વડોદરા.**

(એચ.એમ.મકવાણા)